સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

પહેરેલો 'રાષ્ટ્રીયતા'નો માસ્ક ઉતારી નાખ્યો !
અબ્દુલાએ બેવફાઈનો બૂરખો ઉતારી નાખ્યો!
ઉતારી નાખ્યો આંચળો 'ભારતીય' વફાદારીનો
ને સત્તાની 'ગેરસમજ' નો નશો ઉતારી નાખ્યો!

હાઈકુ

કાશ્મીરીઓ છે
ઐક્યની આંગળીથી -
નખ વેગડા...

રમે રમત!
ખૂટલ ખાનદાન -
'અબ્દુલ્લા' પેઢી?!

ચિંતન

રૂપં દૃશ્ય લોચનં દૃક્ તદ્ દૃશ્યં દકતુ માનસમ્ ।
દૃશ્યા ધીવૃતયઃ સાક્ષી દૃગેવ ન તુ દૃશ્યતે ॥

ઉપરોક્ત શ્લોક કેન ઉપનિષદમાંથી લેવામાં આવેલ છે.

રૂપ-આકાર દેખાય છે. આંખ તેને જોનારી છે. આંખ જુએ છે અને મન તેનો અનુભવ કરે છે. મન-બુદ્ધિ સહિતના અનુભવને આખરે તો સાક્ષી - જોનારો જ જુએ છે. પણ તે કદી કોઈથી જોઈ શકતો નથી.

તાત્પર્ય એ છે કે ચર્મચક્ષુમાં જે કાંઈ દેખાય, તેને મન કઈ રીતે સ્વીકારે છે, તે મહત્વનું છે, કારણ કે અહંને, આપણને, મનના પ્રતિભાવ મુજબ જ દૃશ્ય દેખાય છે. ચર્મચક્ષુ તો દોરડું જ જુએ છે, મન તેને સાપરૂપે જુએ છે!

જેને જ્ઞાન - જાગૃતિ આવી છે તેને પછી સમગ્ર સૃષ્ટિ દૃષ્ટિ સામે હોવા છતાં સ્વપ્નવત્ જ લાગે છે.

સુવિચાર

- સાચું દાન કદી પાછું ફરવા માટે હોતું નથી, વરસતાં વાદળોને લોકો શો બદલો આપી શકે?? - **ટેનિશન**
- રાત્રે સૂર્ય ગુમાવવા બદલ તમે આંસુ વહાવશો તો તમે તારાનું સૌંદર્ય પણ નહીં માણી શકો - **ટાગોર**
- જ્ઞાન આવે છે પણ ડહાપણ આવવામાં વિલંબ થાય છે - **સંત રોબિન**
- મોડો મોડો પશ્ચાતાપ ભાગ્યે જ સાચો હોય છે પરંતુ
  સાચો પશ્ચાતાપ કદી મોડો હોતો નથી - **બોધિવૃક્ષ**
- શાંત રહીને મૂર્ખમાં ખપવું એ બોલી નાખીને તમામ શંકા દૂર કરવા કરતાં વધારે સારું છે - **મિલ્ટન**
- બુદ્ધિ એ આજની કમાણી છે, આજનો 'એકસ્પિરિયન્સ' છે!
  જયારે અક્કલ એ કુદરતી બક્ષિસ છે - **આમસૂત્ર**
- આજનું ઔષધ : મેંદી ના પાનનો રસ પાંચ મિલિ સવાર-સાંજ પીવાથી કમળો ઝડપથી મટે છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સંસાર ત્યજીને નવા નવા થયેલા સાધુ મહાદેવજીના મંદિરમાં ગયા. ભોળાનાથને કહ્યું, 'હે ભોળાનાથ, મારા પર કૃપા કરો મને આજે એક રૂપિયો આપો તો તેમાંથી પચ્ચીસ પૈસા હું તમારા નામે દાન આપીશ.' ભોળાનાથ ને દયા આવી. મંદિરના પગથિયે રણકાર થયો. અને જોયું તો ખરેખર એક રૂપિયો આકાશમાંથી પડ્યો. માગ્યો અને તરત મળી ગયો. હાથમાં લીધો અને સાધુની દાનત બગડી. મનમાં મનમાં વિચાર્યું. કે હું ક્યાં વળી દાનનું બોલ્યો. ભોળાનાથને વળી કહ્યું, 'તમારે ક્યાં ખોઈ ખોટ છે? પચ્ચીસ પૈસાનું દાન કરું તોય શું? ને ન કરું તોય શું? વળી બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ તમારી તો ત્રિપુટી જગતની માલિક છે. ભગવાન વિષ્ણુ તો લક્ષ્મીના માલિક છે.'

સાધુનો વિચાર બદલાઈ ગયો. શિવની સાથે જીવની રમત શરૂ થઈ. રૂપિયાનો સિક્કો લઈ કંદોઈને ત્યાં જઈને કહ્યું, 'એક રૂપિયાની જલેબી આપો.' કંદોઈએ સિક્કો હાથમાં લઈને કહ્યું, 'મહાત્માજી, આ રૂપિયો ઘસાયેલોછે, બાર આના જ આવશે. કહો તો બાર આનાની જલેબી આપું?'

સાધુ મનમાં બોલ્યા, 'ભોળાનાથ તમે પણ પાકા હિસાબનીશ છો. પચ્ચીસ પહેલેથી જ તમે લઈ લીધા.' સાર એ છે કે જીવી સાથે રમત ચાલે, શિવની સાથે રમત ન ચાલે.

આજથી આદ્યશક્તિનું આરાધ્ય પર્વ

તંત્રીસ્થાનેથી...

કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર આજથી શરૂ થયું શક્તિ પૂજાનું પર્વ કે એ પછીના તહેવારો પરંપરા મુજબ નહીં ઊજવી શકાય. વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ મુજબનાં નિયંત્રણ જરૂરી પણ છે. ગુજરાત માટે વર્ષનો સૌથી મોટો ઉત્સવ ગણાતી નવરાત્રી આ વર્ષે જાણે રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય શોક ચાલી રહ્યો હોય એ હદે ફીકી ફસ બની રહેશે. થોડા દિવસ અગાઉ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ શેરી ગરબાની મંજૂરી અપાશે એવી હૈયાધારણા આપતાં નિવેદનો કરતા હતા. પરંતુ કેન્દ્રના હુકમનુ તો રાજય સરકારે પાલન કરવું જ રહ્યું. નવરાત્રી તો વરસ આખાની ઊર્જા પૂરું પાડનારું પર્વ. એને 'શક્તિપૂજા' નું પર્વ અમથું નથી કહ્યું. શરદ ઋતુની રઢિયાળી રાતો દરમિયાન ચાલતા આ નૃત્યોત્સવ પાછળ અજબ ગજબનું વિજ્ઞાન પડેલું છે. જુવાની હેલ્લારા લે છે, લોહી ઉછાળા મારે છે, લાગણીનાં ઘોડાપૂર ઊમટે છે. જોબનિયું આવ્યું છે કે આવશે - એ તો બહુ લપસણી ઉંમર છે. 'જોબનિયું આજે આવ્યું ને કાલે જાશે!' એને સંયમપૂર્વક માણી લેવાની શિખામણ આપતા આ સૌંદર્યોત્સવને - આ પ્રણયપર્વને માત્ર માતાજીના સ્થાપન અને આરતી પૂરતું મર્યાદિત કરી નાખી સરકાર યૌવનને ટૂંપો દઈ રહી હોય એવું જ લાગશે. પણ સરકારનેય આ બધું વિવશ થઈને કરવું પડે છે. નહીંતર એ જ સરકારે રાજય સરકારનો નવરાત્રી મહોત્સવ ક્યાં શરૂ નહોતો કર્યો? ગુજરાતનું એક પણ શહેર એવું નથી જે આ શક્તિપર્વને પૂરી તાકાત સાથે ઊજવતું ન હોય. ચાર મહિના પહેલાંથી એની પૂર્વતૈયારીઓ થતી રહી છે. દાંડિયાનાં, ગરબે ઘૂમવાનાં સ્પેશિયલ કલાસીસ ચાલતા હતા. ગાંધીનગર તો રાજયનું પાટનગર. રાજધાનીની નવરાત્રી પણ રાજધાની જેટલી જ ગરિમાપૂર્ણ. કલ્ચરલ ફોરમ કે લાયન્સ કલબના ગરબા તો વિશ્વવિખ્યાત. એમાં નવું સહિયર ગ્રૂપ પણ ઉમેરાયેલું. આ બધા આયોજકો ઘણા સમય પહેલાંથી પાર્ટી પ્લોટો અને કલાકારોનું એડવાન્સ બુકીંગ કરી દેતા રહ્યા છે. નવરાત્રીના નવ દિવસો દરમિયાન આખું ગુજરાત એક અજબગજબના નશામાં રહેતું આવ્યું છે. કોરોનાએ એ આનંદ પ્રમોદની ક્ષણો છીનવી દઈને કાળો કેર વર્તાવ્યો છે. આ વખતની નવરાત્રી માત્ર મૂર્તિ કે ગરબી સ્થાપન અને એની આરતી પછી પૅકેટબદ્ધ પ્રસાદ સાથે એક કલાકના સમયગાળામાં સમાપ્ત થઈ જશે. બધું ખાખીધારી પોલીસની કડક નજર હેઠળ સંપન્ન થશે. દો ગજ કી દૂરી વાળાં કુંડાળામાં પુરાઈને આરતી ઉતારવી પડશે અને બસોથી વધુ સંખ્યામાં લોકો ભગા નહીં થઈ શકે. ઘણા કલાકારો માટે નવરાત્રી એ આખા વરસનો રોટલો રળી લેવાનું ટાણું હતું. સરકાર એમને કસું આપી શકવાની નથી. આ પણ એક રીતે માતાજીની જ કઠોર કૃપા કહેવાય. તપ કરો, અનુષ્ઠાન કરો, નવરાત્રીનો અત્યાર લગી બેફામ વિલાસિતા માટે ઓછો દુરુપયોગ નથી થયો. સંયમપર્વને સેક્સપર્વમાં ફેરવી દેવાના પાપનું આ પ્રાયશ્ચિત ગણાશે. જગજજનની મા અંબિકા, પેલી ડુંગરાવાળી દેવી એના હાથમાં કોરોનાનું ખપ્પર લઈને ઊભી છે. એનો કોપ પતઈ રાજાને, શુંભ-નિશુંભ અને મહિષાસુરને ભારે પડ્યો હતો. એનો કોપ શમે એ માટે ચાલો, આપણે ગાઈડલાઈન્સ મુજબ શાંતિપૂર્વક એની આરાધના કરીએ.

રાજનીતિ કે વચન સમય કી ઝરુરત દેખકર દીયે જાતે હૈ, ઔર ઉસી તરફ સમય કી ઝરુરત દેખકર તોડ દીયે જાતે હૈ

રાજનીતિ કે વચન સયમ કી ઝરુરત દેખકર દીયે જાતે હૈ, ઔર ઉસી તરફ સમય કી ઝરુરત દેખકર તોડ દીયે જાતે હૈ

- યે ગીલસ્તા હમારા

વિચારયાત્રા
ડાયલોગથી દેવભાષા

૧૯૭૨માં આત્મારામના દિગ્દર્શનમાં બનેલી આ ફિલ્મમાં દેવાનંદ, શર્મિલા ટાગોર, પ્રાણ, જોની વોકર,સુજીત કુમાર જેવા ધરખમ અભિનેતા હતા. ફિલ્મની કથા રંજન બોઝએ લખી હતી, અને ફિલ્મના સંવાદ વજાહત મિર્ઝાએ લખ્યાં હતાં. નાગાલેન્ડની આદિવાસી જનજાતિ અને પૂર્વોત્તર રાજયની જે સ્થાનિક મુશ્કેલીઓ અને ભૌગોલિક પરિસ્થિતિઓને ઉજાગર કરતી આ ફિલ્મ એકંદરે સારી હતી. ફિલ્મનાં એક ગીત 'મેરા નામ આઓ' દ્વારા થોડો વિવાદ જરૂર ઉત્પન્ન થયો હતો, કારણ કે નાગાલેન્ડની એ જ જનજાતિ 'આઓ' જનજાતિ તરીકે ઓળખાય છે.

આમ તો આ ફિલ્મનો આ સંવાદ આપણે વર્ષોથી સાંભળતા નહીં પરંતુ ભોગવતા આવ્યા છીએ... અને આ કાલજયી સત્ય માત્ર ૫૦-૫૫ વર્ષ પહેલાનું જ સત્ય નથી, પરંતુ આવો જ એક શ્લોક ૧૨મી સદીમાં કલ્હણ રચિત 'રાજતરંગિણી'માં મળી આવે છે.

ગર્ભાવાસવ્યથાં જાતઃ શરીરી વિસ્મરેદ્યથા ।
પ્રાપ્ત રાજયસ્તથા રાજા નિયતં પૂર્વચિન્તનમ્ ॥

- જે પ્રકારે પ્રાણી ઉત્પન્ન થયા પછી ગર્ભાવ્યસ્થાની વ્યથા ભૂલી જાય છે, તે પ્રકારે રાજા રાજય પ્રાપ્ત કર્યા પછી પૂર્વે કરેલા ચિંતન (વાયદા) ભૂલી જાય છે.

સંસ્કૃત ભાષાનો જ નહીં ભારત માત્રનો સુંદર અને પ્રમાણિત ઈતિહાસ ગ્રંથ એટલે 'રાજતરંગિણી'. કાશ્મીરી કવિ, અને રાજા હર્ષના દરબારી કવિ ચંપકના પુત્ર કલ્હણે 'રાજતરંગિણી' નામક સુંદર ગ્રંથની રચના કરી, તેમાં આ શ્લોક આવે છે.

થોડા સમય પહેલા કાશ્મીરના સંસ્કૃત કવિઓ વિશે વિસ્તૃત લેખ લખ્યો હતો. આમ, કાશ્મીર પ્રદેસ એ સંસ્કૃત કાવ્ય સાહિત્ય અને સંસ્કૃત કવિઓની પરંપરપાને સાચવીને બેઠેલો પ્રદેશ છે.

બાકી રાજનેતાઓ રાજકારણીઓ અત્યારના હોય કે આજથી ૮૦૦-૯૦૦ વર્ષ પહેલાના હોય, કરેલા વાયદાઓ અને દીધેલાં વચનો ભૂલી જવા એ જ તેમનો સ્વભાવ રહ્યો છે, અને આપણે વર્ષોથી આ અન્યાય સહન કરતા આવ્યા છીએ.

- jayuoza@gmail.com,
Mo.9898046488

ગાંધીનગર ઉડ્ડયન ઈ-મેગેઝીનનો દીપોત્સવી અંક, 'ગીત વિશેષાંક' તરીકે પ્રકાશિત કરાશે

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્ત સંચય

● ગુજરાત સરકારની સ્વાયત્ત સંસ્થા, મહાત્મા ગાંધીશ્રમ સંસ્થાન, અમદાવાદના ઉપક્રમે, 'ગુજરાતી સાહિત્યમાં શ્રમજીવીઓ' એ વિષય ઉપર, જાણીતા કવિ અને લેખક તથા તજજ્ઞ વક્તા, ડૉ.અશોક ચાવડા 'બેદિલ'નું ઑનલાઈન વ્યાખ્યાન, તા.૨૯-૧૦-૨૦૨૦ ને ગુરુવાર ના રોજ, બપોરના ૩-૦૦ વાગ્યાથી રાખવામાં આવેલ છે.જેના સંયોજક તરીકે સમાજશાસ્ત્ર/ માનવવિદ્યા વિભાગના પ્રા.ડૉ. પારુલ ટીના દોશી છે. આ બાબતે જરૂર જણાય તો, મો.નં.૯૮૯૮૦ ૭૦૨૦૫ પર સંપર્ક સાધવા જણાવાયું છે.

● ગાંધીનગર ઉડ્ડયન ઈ-મેગેઝિન દ્વારા, આ વર્ષે ઉડ્ડયન ઈ-મેગેઝીનનો દીપોત્સવી અંક, 'ગીત વિશેષાંક' તરીકે પ્રકાશિત કરાશે.જેમાં સ્પર્ધક પોતાનું અપ્રકાશિત ગીત, વૉટ્સએપ નં.૯૮૨૪૭ ૪૦૦૬૭ પર 'માઈક્રોસોફ્ટ વર્ડ' ફાઈલમાં તા.૨૫-૧૦-૨૦૨૦ સુધીમાં મોકલી શકશે.પ્રથમ પાંચ વિજેતાને યોગ્ય પુરસ્કાર અને પ્રમાણપત્રથી નવાજવામાં આવશે.

● ગાંધીનગર સાહિત્ય સભાના સભ્ય, જાણીતા દલિત સાહિત્યકાર, પૂર્વ ધારાસભ્ય અને સક્રિય સમાજસેવિકા અને દલિત નારીની વ્યથાનાં આલેખક અને જેમનાં કાવ્યો અને સંપાદનો પુરસ્કૃત થયેલ છે અને જેમની વાર્તા 'ચણીબોર'ને ગુલાબદાસ બ્રોકરના હસ્તે, પ્રથમ પુરસ્કાર એનાયત થયો હતો તેવાં સન્નારી, શ્રીમતી ચંદ્રાબેન સુરેશકુમાર શ્રીમાળીનું તા.૧૦-૧૦-૨૦૨૦ ના રોજ અવસાન થયું છે. સમાજને તેમની વિદાયથી ખાલીપો વર્તાશે. સદગત પુણ્યાત્માને શ્રદ્ધાંજલિસહ શ્રદ્ધાસુમન અર્પણ.

muljibhaidadhi@gmail.com
(M)9824236893

પંડિત જવાહરલાલ નહેરુ સાથે મુક્ત મને સંવાદ

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

''મારા પર (પંડિત નહેરુ) વિશે એક બાબતની ખાસ અસર થઈ હતી. તેમના વિશે (નહેરુ વિશે) નીચો મત બાંધતા વાર લાગતી હશે, પણ તે દૂર કરતા વાર લાગતી નથી. બીજી વાત મને એ લાગી છે કે લોકો તેમને બરાબર સમજ્યા નથી. કેટલાક લોકો તેમના અંધભક્ત છે, તો કેટલાક લોકો નર્યા ટીકાકાર છે. મોટાભાગના લોકો એવા છે કે જે તેમની આગળ સ્પષ્ટ વાત નથી કરતા. તેમની જલ્દી નારાજ થઈ જવાની આદતથી ડરે છે. ''

રામનારાયણ ચૌધરી નામના અગ્રણી ગાંધીજને પંડિત નહેરુ સાથે ઓગણીસ મુલાકાતો સમયાંતરે કરીને 'પંડિતજી - પોતાના વિશે' પૂસ્તક મુલાકાતોની વાતચીતના આધારે લખ્યું છે. આ પુસ્તકનો સુંદર તથા સુઘડ અનુવાદ કરીમભાઈ વોરાએ કર્યો છે. નવજીવન ટ્રસ્ટે (અમદાવાદ) તેનું પ્રકાશન કર્યું છે. લેખના મથાળે રહેલો ફકરો રામનારાયણે જવાહરલાલ નહેરુ વિશે લખ્યો છે.

રામનારાયણજી જોકે ગાંધીજીના અનુયાઈ છે. પરંતુ તેઓ કહે છે કે ગાંધીના વિચારોથી જુદી પડતી હોય તેવી બાબતો સિવાય તમામ બાબતોમાં તેમને નહેરુના વિચારો અનુકરણીય લાગ્યા છે. દરેક મહાપુરુષની બાબતમાં બને છે તેમ પંડિત નહેરુના કેટલાક ચૂસ્ત ભક્તો છે અને કેટલાક ચૂસ્ત ટીકાકારો છે. ખરેખર તો યોગ્ય મૂલ્યાંકન તથા સમજણ સિવાયનું અનુસરણ એ સભ્ય સમાજ સામેની પડકારયુક્ત નબળાઈ છે. ''જયજયકાર'' ની આ પરંપરા કે માનસિકતા મહામાનવો માટે પીડાદાયક બને છે. ગાંધી મંડેલા કે લિંકન એ બધાએ આ વ્યથા અનુભવી છે. ગાંધીની હયાતીમાંજ તેમને તેમના જીવનની સંધ્યાએ પોતાના છેલ્લા જન્મ દિવસે (૨ ઓકટોબર-૧૯૪૭) નીરાશાનો કે નિષ્ફળતાનો ભાવ હતો તે વાત મનુબેન ગાંધીની ડાયરી (દિલ્હીમાં ગાંધીજી) પરથી પ્રગટ થાય છે. જયકાર કરનારો એક મોટો વર્ગ છે. પરંતુ આ વર્ગની વિશાળ સંખ્યા વિશ્વમાનવને પ્રોત્સાહક લાગી નથી. નહેરુની બાબતમાં આથીજ રામનારાયણનું વિધાન તાર્કિક તેમજ ઉચિત લાગે છે.

રામનારાયણ ચૌધરીને નહેરુ જેવા તેમનાજ શબ્દોમાં દેખાયા તેવાજ જગત સમક્ષ રજૂ કરવાની કોશિષ કરી છે. રામનારાયણ લખે છે કે નહેરુજી ઈશ્વરને પણ 'સત્યમ્ શિવમ્ સુંદરમ્'ના સ્વરૂપમાં જૂએ છે. પંડિત નહેરુની વાતીચીત કરવાની શૈલિની સુંદરતા - સરળતાને સ્પષ્ટ કરવા રામનારાયણે ઉસ્તાદ મિરઝા ઈસ્માઈલનો એક શેર ટાંક્યો છે :

જો બાત કહો સાફ હો,
સુથરી હો, ભલી હો,
કડવી ન હો, ખટ્ટી ન હો,
મિસરી કી ડલિ હો.

આ રીતે જોઈએ તો નહેરુજીએ પોતાની ભાષામાં ''સત્યં બ્રૂયાત્ પ્રિયં બ્રૂયાત્'' નો વિચાર પૂરો જાળવ્યો છે.

બાળકો અંગે ખાસ પક્ષપાત પંડિતજીના શબ્દોમાંથી ટપકે છે. 'આજના બાળકો એ આવતી કાલનું હિન્દ થશેલ્ર એ વાત તેની પ્રતિતિ કરાવે છે. લેખકે નહેરુને કહ્યું કે તમે ધર્મમાં માનતા નથી એમ કહેવાય છે. આમછતાં ''આપની મુલાકાતે હું આવ્યો ત્યારે તમે બિલાડીઓને ખવડાવતા હતા. આ પણ ધર્મ નથી તો બીજું શું છે ?'' નહેરુજીએ તેનો સરસ જવાબ આપ્યો છે જે અર્થસભર છે. નહેરુ કહે છે : ''ડૉ. રાધાક્રિષ્નન લેનિનગ્રાડ (રશિયા)માં હતા ત્યારે તે લોકો ઈશ્વરમાં નથી માનતા તેમ કહેતા હતા. આથી એકવાર રાધાક્રિષ્નન તેમને પૂછે છે : ''તમે સૌંદર્યમાં માનો છો ? તમે સત્યમાં અને કલ્યાણ (ગુડનેસ)માં માનો છો ?લ્લલ્ર લોકોએ હકારમાં ડોકું ધૂણાવ્યું. આથી રાધાક્રિષ્નન કહે : એજ ઈશ્વર છે. ઈશ્વર એ આ બધાને ભેગા નીરખવાની એક રીત છે.''પંડિતજી ઉમેરે છે કે કોઈ એક ખાસ ધર્મ માટે તેમને વિશેષ લગાવ નથી. પોતાના વિશાળ વાચનમાંથી પંડિતજી પર ભગવદ્ ગીતા તેમજ ઉપનિષદોની અસર થઈ છે તેમ તેઓ કહે છે. ઉપરાંત ગૌતમબુધ્ધનો તેમના પર પ્રભાવ હોવાનું નહેરુજીએ કહ્યું છે. ઉપનિષદો કે બુધ્ધની વાણીમાં તેમને વૈજ્ઞાનિક વૃત્તિના દર્શન થયા છે.

નહેરુજી કેંબ્રિજમાં ભણતા હતા ત્યારે તેમને સમુહ વચ્ચે બોલવામાં સંકોચ રહેતો તેમ કહે છે. તેમની કોલેજનો નિયમ હતો કે આખી ટર્મ (સત્ર) માં ન બોલે તેને દંડ કરવામાં આવે. નહેરુજીએ બે ત્રણ ટર્મ સુધી આવો દંડ ભર્યો હતો! ભવિષ્યમાં જે પોતાના રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય પ્રવચનોના માધયમથી દેશ તથા દુનિયાના મંચ ગજવવાના હતા તેની આ કેવી Modest શરૂઆત હતી ! પોતાના લગ્નજીવન બાબતમાં પંડિતજીએ કહેલી વાતો જાહેર જીવનમાં પડેલા લોકોએ અંગત જીવનમાં ઘણું ગુમાવ્યું હોય છે તેની પ્રતિતિ કરાવે છે. લગ્નજીવનમાં નહેરુજી તથા કમલા નહેરુને લાંબા વર્ષો સુધી જેલવાસ ભોગવવાનો આવતા સાથે રહેવાનો સમય ઘણો ઓછો રહ્યો હતો. કમલાજી તો બીમારીને કારણે હોસ્પિટલમાં પણ લાંબો સમય રહ્યા હતા. આ બાબતની કબૂલાત કરતાં નહેરુ કહે છે : ''(પતિ તરીકે) કોઈવાર કાળજી રાખી કે ન રાખી હું દેશભરમાં દોડાદોડી કરતો હતો. ઘરનો ખ્યાલ રહેતો ન હતો... દીકરી ઈન્દિરા નાની હતી.'' કમલા નહેરુ સારવાર માટે સ્વીટઝર્લેન્ડમાં ગયા ત્યારે નહેરુ અલમોડા જેલમાં બંદીવાન હતા.

પંડિત જવાહરલાલ નહેરુને ઉત્તમ સંસ્થાઓ બાંધનાર (Institutional Boilder) તરીકે દેશ હમેશા યાદ રાખશે. ડૉ. હોમી ભાભા કે ડૉ. વિક્રમ સારાભાઈ જેવા દિગ્ગજોનું એક પ્રોત્સાહક અને પૂરકબળ એ પંડિત જવાહરલાલ નહેરુ હતા. ભારતના આ પ્રથમ પ્રધાનમંત્રી જગતના શ્રેષ્ઠ ઈતિહાસકારોની હરોળમાં ઊભા રહી શકે તેવા હતા. નહેરુ જેવા મહાપુરુષોના જીવન તથા કાર્યોની ટીકા કે પ્રશંસા સિવાય સમીક્ષા થાય તો દરેક કાળે સમાજને કંઈક શીખવાનું મળી શકે છે.

ગાંધીની પાયાની કેળવણીના વિચાર પુષ્પો

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

સાડા ત્રણ દાયકા બાદ ભારતમાં નવી શિક્ષણ નીતિનો અમલ થવા જઈ રહ્યો છે.

ત્યારે શિક્ષણ નીતિ વિશે અનેક ચર્ચાઓ દેશભરમાં થઈ રહી છે. આ સંદર્ભે જુદા જુદા દૃષ્ટિકોણથી તપાસ અને ચર્ચા થાય એ દેશના વિકાસ માટે સારી બાબત છે. કોઈ પણ નીતિ અમલી બને તે સમયે ચર્ચા - પરિચર્ચા - સંવાદ દ્વારા એ મુદ્દાઓની સમજ વિસ્તૃત કરવામાં આવે એ સમાજ તંદુરસ્તી માટે પણ જરૂરી છે. નવી શિક્ષણ નીતિ - ૨૦૨૦ જાહેર થઈ છે ત્યારે ફિસલૂફ, અર્થશાસ્ત્રી, સમાજશાસ્ત્રી, કેળવણીકાર અને વ્યવહારુ સુધારક તરીકે જેને આપણે ઓળખાવી શકીએ એવા મહાત્મા ગાંધીએ કેળવણી સુધારાની જે વિગતો સમાજ સમક્ષ રજૂ કરી હતી તેને જોવા જેવી છે.

૧. ના નાગરિકને - સ્ત્રીઓ અને પુરુષ એ સૌને - અમુક ઓછામાં ઓછી હદ સુધીની કેળવણી સાર્વત્રિક મળવી જોઈએ. શરૂઆતમાં તે ભલે ફરજિયાત ન હોય; પણ જેમ જેમ સગવડો મળતી જાય, તે તેને તેને ફરજિયાત કરવી. આ સાર્વત્રિક તથા ઓછામાં ઓછી કેળવણીને તે પાયાની કેળવણી કહે છે. અત્યારની પદ્ધતિ પરદેશથી આયાત કરેલી અને રાષ્ટ્રવિરોધી છે, તે અર્થમાં તેમની પદ્ધતિ રાષ્ટ્રીય છે. તેથી તેને પાયાની કેળવણી કહેવામાં આવે છે.

૨. એ કેળવણીનો ક્રમ સાત વર્ષની ઉંમરથી માંડીને પછી સાત વર્ષ સુધી ચાલે.

ગાંધીની કેળવણી નીતિ એક બે મુદ્રાના આધારે નહીં સમગ્રતાથી જ સમજાય

૩. પાયાની રાષ્ટ્રીય કેળવણી હાલ તુરત શાળાની શરૂઆત પહેલાંની કે પાયાની કેળવણી પૂરી થયા પછીની કેળવણીની ચિંતા નહીં કરે.

૪. પાયાની રાષ્ટ્રીય કેળવણીનું શિક્ષણ માતૃભાષા દ્વારા ચાલવું

૫. પદ્ધતિ બાબતમાં આ કેળવણી કઈ હુન્નર ઉદ્યોગની આસપાસ ન વણાવી જોઈએ. બધુ બૌદ્ધિક શિક્ષણ પસંદ કરવામાં આવેલ ઉદ્યોગ દ્વારા જ અપાવું જોઈએ.

૬. પસંદ કરવામાં આવેલો ઉદ્યોગ વ્યવસ્થિત રીતે અને વૈજ્ઞાનિક રીતે એ પ્રમાણે શીખવો જોઈએ, જેથી તેનું કામકાજ કુશળતાપૂર્વક ચાલે શાહે તથા તેનાં વ્યવહાર પરિણામો આવે. તેને બૌદ્ધિક શિક્ષણ માટેના - નર્યા એક સાધન તરીકે જેમ નથી શીખવાનો, તેમ તેની આવકથી શાળા પગભર થઈ રહે એ રીતે પણ નથી શીખવાનો. તેને સાધન તેમ જ સાધ્ય એમ બંને ગણીને શીખવાનો છે.

૭. એ ઉદ્યોગમાંથી નીપજતી વસ્તુઓ આર્થિક દૃષ્ટિએ લાભદાયક હેવી જોઈએ.

૮. શાળામાં થતા કામનું આર્થિક વળતર એટલું હોય કે જેથી શિક્ષકને પગાર તેમાંથી નીકળી રહે, એ જોવાનો પૂરતો પ્રયત્ન થવો જોઈએ.

૯. બાકીનું બધું ખર્ચ, જેમ કે શાળાનું મકાન, અંદર સરસામાન, ચોપડીઓ, નકશા અને શીખવાના ઉદ્યોગોનાં બધાં ઓજારો વગેરે સાધના, એ બધાનું ખર્ચ રાયે આપવું જોઈએ.

૧૦. શાળામાં થતા ઉદ્યોગકામથી તૈયાર થતા માલને પિતાની જરૂરિયાતો માટે, કે શાળા માં ચાલતી હોય ત્યાંની સ્થાનિક સંસ્થાઓની જરૂરિયાતો માટે ઉપયોગમાં લઈ લેવાનું રાજય માથે લેવું જોઈએ. તેમ કરતાં વધતો માલ વેચવાની બધી સગવડો રાજયે પૂરી પાડવી જોઈએ.

ટૂંકમાં, ગાંધીજીની નવી જનાના આ મુખ્ય સિદ્ધાંત છે. આ યોજનાના ઘણા વિરોધીઓએ એ મુદ્દાઓને છુટા છુટા લઈને તેમની ટીકા કરી છે, પરંતુ આખી યોજનાના બધા મુદ્દાઓ સળંગ સમજવાનો પ્રયત્ન કર્યો નથી.

ઉપરના તમામ મુદ્દાઓ જોતા સર્વસમાવેશક સર્વનો ઉદયની વિચારસરણી ગાંધઈના કેળવણી સુધારા યોજનામાં ઉપલબ્ધ થાય છે. તેમના સમગ્ર વિચારોમાંથી એક બે વિચારોને ધ્યાનમાં લઈને તો યોગ્ય રીતે સમજી ન શકાય. ગાંધી જેમ વૈશ્વિક હતા તેમ તેમના કેળવણી વિચારો પછી સમગ્ર ભારતમાં સાર્વત્રિક રીતે લાગુ પાડી શકાય તેવા મુક્ત અને ન્યાયી સમાજ રચના તરફ લઈ જનારા હતા.